# રાજ્યના પચાસ પોલીસ અધિકારીઓની બઢતી-બદલી

| નામ | હાલની જગ્યા | બદલી બઢતીથી મેળવેલ જગ્યા |
|---|---|---|
| એચ.પી. સિંઘ | અધિક પોલીસ મહાનિર્દેશક સ્ટેટ ક્રા. રેકડ બ્યુરો, ગાંધીનગર | અ.પો. મહાનિર્દેશક તપાસ ગાંધીનગર |
| કે.ડી. પાટડીયા | સંયુક્ત નિયામક કરાઈ, ગાંધીનગર | ના.પો. મહાનિરીક્ષક સી.આઈ.ડી. ક્રાઈમ-૪, ગાંધીનગર |
| સતિષ વર્મા | સંયુત પોલીસ કમિશનર ટ્રાફિક, અમદાવાદ | આચાર્ય પો.તા. મહાવિદ્યાલય, જૂનાગઢ |
| ઈ. રાધાક્રિશ્નન | સંયુક્ત પો.કમિ. સેક્ટર-૧, સુરત | ના.પો. મહાનિરીક્ષક જૂનાગઢ રેન્જ |
| સંજય શ્રીવાસ્તવ | સ.પો.કમિ. સેક્ટર-૨, સુરત | સ.પો.કમિ. મુખ્ય મથક અમદાવાદ |
| એ.કે. શર્મા | પો. મહાનિરીક્ષક ગાંધીનગર વિભાગ | સં.પો. કમિ. વિશેષ શાખા અમદાવાદ |
| સી.આર. પરમાર | પો. મહાનિરીક્ષક સીઆઈડી રેલવે | પો. મહાનિરીક્ષક કોસ્ટલ સિક્યુરીટી ગુ.રા. |
| અતુલ કરવાલ | સં.પો. કમિ. સે. ૨ અમદાવાદ | સં. નિયામક પોલીસ અકાદમી કરાઈ |
| અનિલ પ્રથમ | આચાર્ય પો.તા જૂનાગઢ | પો. મહાનિરીક્ષક બહુમન સેલ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર |
| રામશેરસિંઘ | સં.પો. કમિ. અમદાવાદ | ના.પો. મહાનિરીક્ષક ગાંધીનગર વિભાગ |
| ડૉ. કે.એલ. એન. રાવ | કાર્યપાલક નિયામક એસ.ટી. નિગમ | અ.પો.કમિ.ટ્રાફિક અને ક્રાઈમ રાજકોટ |
| એસ.જી. ભાટી | અ.પો.કમિ. ટ્રાફિક અને ક્રાઈમ સુરત | અ.પો. કમિ. સે-૨ અમદાવાદ |
| જી.એસ. મલીક | ના.પો.મહાનિરીક્ષક અમદાવાદ વિભાગ | સં. નિયામક એસીબી અમદાવાદ |
| બી.ડી. વાઘેલા | સં. નિયામક એસીબી અમદાવાદ | અ.પો.કમિ. સે. ૨ સુરત |
| જે.કે. ભટ્ટ | ના.પો. મહાનિરીક્ષક વડોદરા, વિભાગ | ના.પો. મહાનિરીક્ષક ઈન્ટેલીજન્સ-૨ ગાંધીનગર |
| એસ.એસ. ત્રિવેદી | ના.પો. મહાનિરીક્ષક સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર | ના.પો. મહાનિરીક્ષક વડોદરા વિભાગ |
| બી.એસ. જેબલીયા | ના.પો. મહાનિરીક્ષક સીઆઈડીક્રાઈમ-૪ ગાંધીનગર | અ.પો.કમિ.સે.૧ સુરત |
| ડી.જે. પટેલ | અ.પો.કમિ. ક્રાઈમ અને ટ્રાફિક વડોદરા | કાર્યપાલક નિયામક એસ.ટી. નિગમ અમદાવાદ |
| આર.બી. બ્રહ્મભટ્ટ | ના.પો. મહાનિરીક્ષક ઈન્ટેલીજન્સ-૨, ગાંધીનગર | ના.પો. મહાનિરીક્ષક અમદાવાદ રેન્જ |
| બી.કે. શ્રીમાળી | ના.પો. મહાનિરીક્ષક જૂનાગઢ રેન્જ | અ.પો.કમિ. ટ્રાપિક અને ક્રાઈમ સુરત |
| એ.કે. જાડેજા | ના.પો. મહાનિરીક્ષક હુમનસેલ ગાંધીનગર | ના. પોલીસ મહાનિરીક્ષક સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર |
| શ્રી પીયુષ પટેલ | પોલીસ અધિક્ષક સુરત ગ્રામ્ય | સી.આઈ.ડી. આઈ.બી. ના. પો. મહાનિરીક્ષક ગાંધીનગર |
| અમિત વિશ્વકર્મા | નાયબ પોલીસ કમિશનર સુરત શહેર | નાયબ પોલીસ મહાનિરીક્ષક (જેલ) ગુજરાત રાજ્ય |
| રાજીવ રંજત ભગત | પોલીસ અધિક્ષક અમદાવાદ ગ્રામ્ય | નાયબ પોલીસ મહા નિરીક્ષક (પી.એન્ડ એમ.) ગુ. રાજ્ય |
| આર. જે. સવાણી | પોલીસ અધિક્ષક મહેસાણા | નાયબ પોલીસ મહાનિરીક્ષક રેલવે ગાંધીનગર |
| ડી.આર. પટેલ | પોલીસ અધિક્ષક સાબરકાંઠા | અધિક પોલીસ કમિશનર (ક્રાઈમ અને ટ્રાફીક) વડોદરા શહેર |
| એસ.એમ. કટારા | પોલીસ અધિક્ષક બનાસકાંઠા | સંયુક્ત પોલીસ કમિશનર (ટ્રાફિક) અમદાવાદ શહેર |
| એચ.જી. કટારા | નાયબ પોલીસ કમિશનર અમદાવાદ શહેર | નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) વડોદરા શહેર |
| વી. ચંદ્રશેખર | પોલીસ અધિક્ષક ભાવનગર | નાયબ પોલીસ કમિશનર અમદાવાદ શહેર |
| એસ.કે. દવે | પોલીસ અધિક્ષક સી.આઈ.ડી. ઈન્ટેલીજન્સ ગાંધીનગર | નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ સુરત શહેર |
| ડી.એન. પટેલ | નાયબ પોલીસ કમિશનર સુરત શહેર | પોલીસ અધિક્ષક સી.આઈ. ડી. ઈન્ટેલીજન્સ ગાંધીનગર |
| જે.આર. મોથલીયા | પોલીસ અધિક્ષક નવસારી | પોલીસ અધિક્ષક મહેસાણા |
| અશોકકુમાર યાદવ | નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ વડોદરા શહેર | પોલીસ અધિક્ષક બનાસકાંઠા |
| ગગનદીપ ગંભીર | પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય | પોલીસ અધિક્ષક અમદાવાદ ગ્રામ્ય |
| સંદીપ સિંઘ | નાયબ પોલીસ કમિશનર ઝોન-૧ અમદાવાદ શહેર | પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય |
| એમ.આર. મુલીયાણા | પોલીસ અધિક્ષક અમરેલી | પોલીસ અધિક્ષક પશ્ચિમ રેલવે અમદાવાદ |
| મનીન્દર પવાર | નાયબ પોલીસ કમિશનર ઝોન-૬ અમદાવાદ શહેર | પોલીસ અધિક્ષક ભાવનગર |
| નિલેશ મજડીયા | નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક અમદાવાદ શહેર | પોલીસ અધિક્ષક નવસારી |
| શરદ સિંઘલ | પોલીસ અધિક્ષક તાપી | નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ અમદાવાદ શહેર |
| બીપીન આહીર | મ.પો. અધિક્ષક જંબુસર | પો. અધિક્ષક ભૂજ (પશ્ચિમ) |
| ચિરાગ કોરડીયા | પો. અધિક્ષક ગાંધીધામ કચ્છ પૂર્વ | પો. અધિક્ષક સાબરકાંઠા |
| મકરંદ ચૌહાણ | પો. અધિક્ષક પશ્ચિમ રેલવે અમદાવાદ | પો. અધિક્ષક ડાંગ |
| દિવ્ય મિશ્રા | પો. અધિક્ષક નર્મદા | પો. અધિક્ષક કચ્છ પૂર્વ(ગાંધીધામ) |
| શોભા પુરોષત્તમ ભૂતડા | મ.પો. અધિક્ષક જૂનાગઢ | પો. અધિક્ષક અમરેલી |
| પ્રદિપ ભીમરાવ સૈજૂલ | મ.પો. અધિક્ષક ભાવનગર | પો.અધિક્ષક સુરત ગ્રામ્ય |
| નિરજ બડગુજ્જર | મ.પો. અધિક્ષક પાલનપુર | ના.પો.કમિ. ઝોન-૪ અમદાવાદ |
| એ.જી. ચૌહાણ | ના.પો.કમિ. ઝોન-૪, અમદાવાદ | પો. અધિ. સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર |
| જી.વી. બારોટ | પો.અ.સી.આઈડી ક્રાઈમ ગાંધીનગર | પો. અધિક્ષક તાપી |
| પી.સી. બરંડા | ના.પો.કમિ. એસ.ઓ.જી. એટીએસ અમદાવાદ | ના.પો. કમિ.અમદાવાદ |
| | એલ.એલ. માલ | સેનાપતિ પો. અધિક્ષક અનામત પોલીસદળ જૂથ-૧૪ નર્મદા |

## ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના પોલીસ વડાઓની બઢતી સાથે બદલી

ગાંધીનગર, તા.૮

રાજયના ગૃહ વિભાગ દ્વારા આજ રોજ બદલીનો ગંજીફો ચીપીને રાજયના ૫૦ આઈ.પી.એસ. કક્ષાના પોલીસ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રીઓની બઢતી સાથે બદલી થવા પામી છે.

સમગ્ર રાજયના પોલીસ બેડામાં દિવસભર આઈપીએસ કક્ષાના અધિકારીઓની બદલી અને પીઆઈઓની બઢતીને લઈ ભારે ઉત્તેજના છવાઈ રહી હતી.

ગૃહ વિભાગે બદલીનો ગંજીફો ચીપીને રાજયના ૫૦ આઈપીએસ કક્ષાના અધિકારીશ્રીઓની બદલી કરવામાં આવી છે. જેમાં સાબરકાંઠા જિલ્લાના ડીએસપી શ્રી ડી.આર. પટેલને બઢતી આપીને અધિક પોલીસ કમિશનરશ્રી (ક્રાઈમ અને ટ્રાફિક) વડોદરા શહેરમાં નિમવામાં આવ્યા છે. સાબરકાંઠા જિલ્લાના નવા ડીએસપી તરીકે કચ્છ, ગાંધીધામ (પૂર્વ)ના પોલીસ અધિક્ષકશ્રી ચિરાગ કોરડીયાની નિમણૂંક કરવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી એસ.એમ. કટારાને બઢતી આપીને અધિક પોલીસ કમિશનર (ટ્રાફિક), અમદાવાદ શહેરમાં નિમણુંક કરવામાં આવી છે. શ્રી કટારાની ખાલી પડેલી જગ્યા પર વડોદરા શહેરના ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશનરશ્રી અશોક યાદવને બનાસકાંઠા જિલ્લા પોલિસ વડા તરીકે નિમવામાં આવ્યા છે.

મહેસાણા જિલ્લાના એસ.પી. શ્રી આર.જે. સવાણીને બઢતી આપીને નાયબ પોલિસ મહાનિરીક્ષક રેલ્વેઝ, ગાંધીનગરમાં નિમણુંક કરવામાં આવી છે. મહેસાણા જિલ્લાના નવા પોલિસ વડા તરીકે નવસારીના પોલિસ અધિક્ષક શ્રી જે.આર. મોથલીયાની નિમણુંક કરવામાં આવી છે.

પાલનપુરના મદદનીશ પોલીસ અધિક્ષકની નિરજ બડગુજરને બઢતી આપીને નાયબ પોલીસ કમિશનર (ઝોન-૪) અમદાવાદ શહેરમાં નિમણુંક કરવામાં આવી છે. તે ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના ડીવાયએસપી પી.આર. ગેલોતને હિંમતનગર વિભાગના નવા ડીવાયએસપી તરીકે નિમવામાં આવ્યા છે.

# મુખવાસ

**● રાજકારણ અને વાઈલ્ડ લાઈફ!!!**

*ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા અને શિવસેનાના સુપ્રિમો બાળાસાહેબ ઠાકરેમાં શું સામ્યતા છે? બન્નેના દીકરાઓ સારા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર છે... શિવસેના સુપ્રિમો બાળા સાહેબ ઠાકરેના દીકરા ઉધ્ધવ ઠાકરે સારા ફોટોગ્રાફર છે, તેમ આપણા પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાના દીકરા નિહાર મહેતા પણ ખૂબ સારા અને નિવડેલા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર છે. તાજેતરમાં જ તેમની વાઈલ્ડ લાઈફની તસવીરો બૉમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી દ્વારા પ્રકાશિત પુસ્તક 'ગ્લિમ્પસીસ ઑફ ઈન્ડિયન વાઈલ્ડ લાઈફ'માં પ્રસિધ્ધ થઈ છે. કેમેરા ઉત્પાદક કંપની કૅનન દ્વારા દર મહિને પ્રસિધ્ધ થતાં ઑન લાઈન મેગેઝીન 'એક્સપ્રેશન' માં પણ આ મહિને નિહાર મહેતાની તસવીર પસંદ થઈ છે. શ્રી નિહાર મહેતા ખાસ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે ઑગસ્ટ-૨૦૧૧માં આફ્રિકા ગયા હતા. વાઘની ફોટોગ્રાફી તેમનું પૅશન છે. આ માટે તેઓ તાડોબા ટાઈગર ફૉરેસ્ટ, બાંધવગઢ અને જીમ કૉરબેટ પાર્ક ખૂંદી વળ્યા છે. ગીરનાં સિંહોની ફોટોગ્રાફી માટે તો તેઓ અત્યાર સુધી ૧૨ થી ૧૫ વાર ગીર જઈ આવ્યાં છે. પક્ષીઓની ઘણી અલભ્ય તસવીરો પણ તેમના કલેકશનમાં છે. શ્રી નિહાર મહેતા આવનારા દિવસોમાં અમદાવાદમાં પોતાની તસવીરોનું પ્રદર્શન યોજવાનાં આયોજનમાં છે. રાજકારણ અને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી વચ્ચે આવો સુમેળ યોગાનુયોગ જ હશે કે સંજોગોવસાત?!!!*

**● વનસંરક્ષક - દીકરી સંરક્ષક**

*ગાંધીનગરના ગીર ફાઉન્ડેશનમાં આસીસ્ટન્ટ વન સંરક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી અમૃતભાઈ કે. પટેલ 'દીકરી સંરક્ષક' તરીકે પણ ખૂબ જ પ્રશંસનીય ફરજ બજાવી રહ્યાં છે. કોઈ સંસ્થા, સંગઠન કે વ્યક્તિ; કોઈની પણ મદદ લીધા વિના તેઓ એકલપંડે 'દીકરી બચાવો' નો જંગ લડી રહ્યા છે. જ્ઞાતિઓના પુસ્તકો અને અલભ્ય સ્થાનેથી આંકડાઓ મેળવીને તેમને ગજબ વિશ્લેષણ કર્યું છે અને જે તારણો મુક્યા છે તે અત્યંત તેજાબી છે. ગુજરાતમાં ૧૦૦૦ પુરૂષ સામે ૯૨૧ સ્ત્રીઓ છે. જયારે ઉત્તર ગુજરાતના પટેલ સમાજમાં તો આ પ્રમાણ અત્યંત આઘાત જનક છે. ઉત્તર ગુજરાતમાં પાટીદાર સમાજનાં એક શહેરમાં ૧૦૦૦ પુરૂષોએ સ્ત્રીઓ માત્ર ૫૫૯ છે. આવા અભ્યાસપૂર્ણ તારણો સાથે ઉપાય પણ શ્રી અમૃતભાઈ પટેલ સૂચવે છે. તેમણે સ્વખર્ચે 'કડવી વાસ્તવિકતા' નામની એક પુસ્તિકા જાગૃતિ માટેની ઝુંબેશ છે. શ્રી અમૃતભાઈ પટેલ દીકરીઓની ઘટતી જતી સંખ્યાથી ખૂબ જ ચિંતિત છે. કોઈનો આર્થિક સહયોગ પણ લીધા વિના તેઓ 'વન મૅન આર્મી' ની માફક આ મુદ્દે લડી રહ્યાં છે. કોઈ સંસ્થા - સંગઠન ન કરે એવું કામ આ એકલવીર કરી રહ્યાં છે.*

**● ટાઇટેનિક : શિપના ૧૦૦ વર્ષે થ્રી-ડી ફિલ્મ**


*બ્રિટનના સધમ્પ્ટન શહેરથી અમેરિકાના ન્યુયોર્ક જવા નીકળેલા શિપ ટાઈટેનિકની સફરની શરૂઆતને આવતીકાલે; ૧૦મી એપ્રિલે ૧૦૦ વર્ષ પૂરાં થશે. ૧૯૧૨ની ૧૦મી એપ્રિલે ટાઈટેનિકની સફર શરૂ થઈ. ચાર દિવસની મુસાફરી કર્યા પછી તારીખ ૧૪મી એપ્રિલે રાત્રે પોણા બાર વાગ્યે આ શિપ ન્યુ ફાઉન્ડલેન્ડની દક્ષિણે ૬૦૦ કિ.મી.નું અંતર કાપ્યા પછી ઍટલાન્ટિક મહાસાગરમાં બરફના ગ્લેસિયર સાથે અથડાઈ. આ અકસ્માતથી શિપનાં પાંચ વૉટર ટાઈટ કમ્પાર્ટમેન્ટ તૂટી ગયા. પછીના અઢી કલાકમાં અનસિન્કેબલ ગણાયેલી આ શિપમાં પાણી ભરાતું ગયું. રાત્રે ૨-૩૦ વાગ્યે પાણીના ભારથી આખી શિપના બે કટકા થઈ ગયા અને એક ભાગ પાણીમાં ડૂબી ગયો. બીજો ભાગ પણ થોડીવાર પછી ૧૨,૫૦૦ ફૂટ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો. લાઈફ બૉટ્સ દ્વારા ૭૧૦ માણસોને બચાવી લેવાયા અને ૧,૫૧૭ વ્યક્તિઓ અત્યંત બર્ફીલા પાણીમાં થીજી જવાથી હાઈપોથર્મિયાને લીધે ગણતરીની મિનિટોમાં જ મૃત્યુ પામ્યા... આ ઘટના પરથી જૅમ્સ કેમેરોને ૧૯૯૭માં કૅટ વિન્સલેટ અને લીયોનાર્ડો-દ-કેપ્રિયોને લઈને ફિલ્મ 'ટાઈટેનિક' બનાવી હતી. 'અવતાર' ના નિર્માતા-દિગ્દર્શકની ફિલ્મ 'ટાઈટેનિક' ને ઢગલાબંધ ઑસ્કાર એવોર્ડ્ઝ મળ્યા છે. આ ઐતિહાસિક અને અદ્ભૂત ફિલ્મ ગયા શુક્રવારથી થ્રી-ડી સ્વરૂપે રીલીઝ થઈ છે. આ અદ્ભૂત ફિલ્મને થ્રી-ડીમાં કન્વર્ટ કરવા માટે નિર્માતાઓએ સારી મહેનત કરી છે. ૩૦૦ જેટલા ટેકનિશિયનોએ ૬૦ અઠવાડિયા સુધી સળંગ કામ કરીને કુલ ૨,૭૯, ૦૦૦ ફ્રેમને થ્રી-ડીમાં રૂપાંતરિત કરી છે. આ કામમાં ૧૮ મિલિયન ડૉલર એટલે કે , આપણા ૯૨ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. ૧૯૯૭માં જોઈ હોય તો પણ થ્રી-ડી વર્ઝનમાં રીલીઝ થયેલી 'ટાઈટેનિક' અચૂક જોઈ આવજો. નવી પેઢીના સંતાનોને પણ તેમની પરીક્ષા પુરી થઈ જાય પછી આ ફિલ્મ અચૂક બતાવજો. 'ટાઈટેનિક' ની ખુબસૂરત હીરોઈન કૅટ વિન્સલેટ ત્યારે ૨૧ વર્ષની હતી. આજે આ અભિનેત્રી ૩૬ વર્ષની થઈ ગઈ છે. કૅટ વિન્સલેટે તેના બે સંતાનો મિયા (૧૧ વર્ષ) અને જૉ (૮ વર્ષ) સાથે બેસીને 'ટાઈટેનિક' ની થ્રી-ડી આવૃત્તિ જોઈ... તમે પણ જોઈ આવજો.*

**● એસ.એમ.એસ. સાહિત્યમાંથી 'ચૂંટેલા મોતી...'**

*વાંચન ઘટી રહ્યું છે... આજકાલની પેઢી કંઈ વાંચતી નથી... એવી ફરિયાદ સતત સંભળાતી હોય છે. પરન્તુ અત્યારના યુગમાં વાંચનનો પ્રકાર બદલાયો છે, સાહિત્યનું સ્વરૂપ પણ બદલાયું છે. કોણ કહે છે યુવાન પેઢી વાંચતી નથી, તેઓ સતત એસ.એમ.એસ, ઈ-મેઈલ, ફૅસબુકની વૉલ, ટવીટ્ર પૅજ અને બ્લૉગ વાંચતા જ રહેતાં હોય છે. હવે તો ગેજેટ્સ પણ હાથવગા છે. મેસેન્જર અને એસ.એમ.એસ. અત્યંત પારવધા અને પ્રચલિત માધ્યમો છે. પરિણામ એ આવ્યું કે એસ.એમ.એસ. સાહિત્યનો આખો નવો પ્રકાર વિકાસ પામ્યો! આજકાલની પેઢી એ જેટલા સુવાક્યો એસ.એમ.એસ. સાહિત્યમાં વાંચ્યા હશે એટલા તો કોઈ વયસ્ક વ્યક્તિને પણ નહીં વાંચ્યા હોય! સાહિત્યના આ એસ.એમ.એસ. પ્રકારમાંથી આપણે પણ દર વખતે અહીં 'ચૂંટેલા મોતી' મુકીશું - માણીશું - મમળાવીશું...*

*એસ.એમ.એસ. સાહિત્યમાં વાંચો... કાલની 'દીકરી' આજે 'વહુ' થઈ ગઈ... કાલે જલસા કરતી હતી હવે સાસરીયામાં સેવા કરતી થઈ ગઈ, કાલે જીન્સ પહેરતી આજે સાડી પહેરતી થઈ ગઈ, માવતરમાં વહેતી ચંચળ નદી સાસરીમાં ધીર-ગંભીર થઈ ગઈ, રોજ છૂટથી પૈસા વારતી આજે શાકભાજીના ભાવ કરાવતી થઈ ગઈ, કાલે સ્કૂટી ફૂલ સ્પીડે ચલાવતી આજે બાઈક પર પાછળ બેસતી થઈ ગઈ, ગઈ કાલ સુધી ત્રણ ટાઈમ બિન્દાસ જમતી આજે ત્રણ ટાઈમ જમવાનું બનાવતી થઈ ગઈ, હંમેશાં પોતાનું ધાર્યું જ કરતી આજે પતિનું ધાર્યું કરતી થઈ ગઈ, મા પાસે કામ કરાવતી આજે સાસુમાનું કામ કરતી થઈ ગઈ, બહેન સાથે લડતી ઝઘડતી આજે નણંદનું કહ્યું કરતી થઈ ગઈ, ભાભીની મજાક કરતી આજે જેઠાણીને આદર આપતી થઈ ગઈ, પિતાના આંખમાં પાણી આજે શ્વસુરના ગ્લાસનું પાણી થઈ ગઈ; છતાં પણ પિતા કહે છે, 'વાહ! અમારી આંખનું રતન, અમારી લાડો દીકરી સાસરીયે જઈ સુખી થઈ ગઈ...'*

## શબ્દાવલી - ૪૬૯૪



### આડી ચાવી

૧. ટકરામણ, મુઠભેડ (૫)
૩. પપ્પાના નાનાભાઈ (૨)
૫. ઈન્ડિયા (૩)
૬. પળ, ક્ષણ (૨)
૮. છોરૂ-કછોરૂ થાય પણ માવતર.... ના થાય (૫)
૧૦. પરવાહ વિનાનું (૫)
૧૩. સુંઘવાની ઈન્દ્રિય (૨)
૧૫. 'સાવચેત' શબ્દ બેધ્યાન છે (૪)
૧૭. ઈનામ, શાબાશી (૪)
૧૮. ધિક્કાર (૩)

### ઊભી ચાવી

૧. અટકચાળા (૪)
૨. ધાડપાડુ, ગબ્બરસિંગ.... હતો (૨)
૩. ગુજરાતી પ્રથમ મહિનો (૪)
૪. કાપડ વેતરવાનું સાધન (૩)
૫. કિંમત, મૂલ્ય (૨)
૭. લાફો (૨)
૮. લશ્કરી તાલીમ, પરેડ (૪)
૯. મહિનો, માસ (૨)
૧૧. દુષ્યન્ત રાજાની પત્ની (૪)
૧૨. ચેતીને ચાલતા હોય તેવું (૪)
૧૩. કલંક, ખોટા કાર્યમાં ખોટુ નામ આવવું (૩)
૧૪. છાપકામ કરનાર (૨)
૧૬. જંગલ, વગડો (૨)

### શબ્દાવલી ૪૬૯૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ખટરાગ (૫) ફાલસા (૭) જૂનવાણી (૮) પાકા (૯) તુકલ (૧૧) કર (૧૩) જોમ (૧૪) જેક (૧૫) વરા (૧૭) રળવુ (૧૮) તવ (૧૯) દાપૂ (૨૦) બરક (૨૨) રજામંદી (૨૩) ટીમ

**ઊભી ચાવી :-** (૧) ખજૂર (૨) ટન (૩) રાવાપાર (૪) ગણિકા (૫) ફાલતુ (૬) સામેલ (૧૦) કરવત (૧૧) કમળપૂજા (૧૨) ચકચાર (૧૩) જોરદાર (૧૬) રાવણ (૨૦) બદી (૨૧) કટી

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

ગામડાની યુવાન છોકરાઓના માનસ પર એવી અસર છવાઈ ગયેલી કે રાત્રે ઊંઘમાં એ યુવતીઓ તરવરવા લાગી.

ખેતીકામમાં કસાયેલી ને ચોખ્ખા ઘી-દૂધ ખાધેલ પીધેલ આ જુવાન છોકરીઓ રૂપાળી, નમણી, સુંદર તો હતી જ. ગ્રામ્ય સંસ્કાર મુજબ તેઓ અંગ પ્રદર્શન કરતી નહી. તેના શરીરના અંગો પૂરેપૂરા ઢંકાયેલા રહે, તેવા જ વસ્ત્રો તેઓ પહેરતી હતી.

કૉલેજમાં અભ્યાસ કરતી ગામડાની છોકરીઓ નવી ફેશનના કપડાં પહેરતી પરંતુ તેની શરીરનો કોઈ ભાગ વધારે ખુલ્લે રહે તે તેમના મા-બાપને જ પસંદ ન હતું. આથી તે છોકરીઓ પણ મર્યાદામાં રહીને જ કપડાં પહેરતી હતી.

ગામડાની જુવાનજોધ છોકરીઓ હોય કે પછી પરણેલી સ્ત્રી તો પણ તેમની રૂપાળી કાયાના દર્શન થઈ શકતા નહિ. આવો તે મર્યાદિત પોશાક, પહેરતી, ગામડાની સ્ત્રીઓ નમણી આકર્ષક અને મનને હરી લે તેવી મોહક મૃગનયની જેવી ગ્રામ્ય રમણીઓ હતી. તેમનો કંઠ મધુર કોયલના ટહુકા જેવો ભાસતો હતો. તેમની ભાષા ખુબ જ મીઠી ને સાંભળવી ગમે તેવી હતી.

સંધ્યાની સાથે એમ.એ.માં અભ્યાસ કરતી ગ્રામ્ય છોકરીઓ ઘણી વખત કહેતી, 'સંધ્યા, તું ટૂકાં કપડાં બહુ પહેરે છે કેમ?'

'અરે શોભના, તું આવા લાંબા ટૂંકા કપડાં પહેરવાની માથાકુટમાં શા માટે પડે છે. તમે લોકો ગામડામાં રહો એટલે તમને એવા વિચારો આવે. ટૂંકા કપડાં પહેરવાથી યાદ શક્તિમાં કોઈ ઘટાડો થતો નથી અને તમે ટૂંકા કપડા નથી પહેરતા તો શું તમારી યાદ શક્તિ વધી જાય છે. એ તો સૌ સૌના મનના કારણ છે.' સંધ્યાએ કહ્યું.

'સંધ્યા, તું બી.એ.માં હતી ત્યારે આટલી બધી આધુનિક કપડાં પહેરતી નહીં.' શોભનાએ કહ્યું.

'શોભના, તમારે તો બાપદાદાની જાગીર ઘણી હોય તમારે નોકરી શોધવાની જરૂર ન હોય સમજી. અત્યારે તો પ્રાઈવેટસ કંપનીમાં નોકરી કરવી હોય તો તમારો આઉટ લુક મહત્ત્વનું છે. તમે ગમે તેટલા હોંશિયાર હોવ પરંતુ તમારે મોટા મોટા અધિકારીઓ, સેલ્સમેન્સ સાથે ઈંગ્લીશમાં વાતો કરવાની હોય અને તમે ઈન્ટરવ્યુ આપતી વખથે સારો દેખાવ કર્યા હોય તો તમને સીધી વીસ પચ્ચીસ હજાર રૂપિયાની નોકરી મળી જાય. શહેરની છોકરીઓને ખુબ જ સ્માર્ટ, હોંશિયાર, અને ચબરાક રહેવું પડે અને તો જ કંપનીના મેનેજરો તમને નોકરી માટે પસંદ કરે બાકી એકલી હોંશિયારી કામમા આવતી નથી.'

સંધ્યાના શબ્દો સાંભળતા શોભનાં અને તેની બહેનપણીઓને સમજાયું કે આપણે એમ.એ. થયા પછી ગામડે રહેવાનું વળી સરકારી કે કંપનીમાં નોકરી કરવા માટે આપણે પણ આપણો બાહ્ય દેખાવ, હેરસ્ટાઈલ, આધુનિક ડ્રેસ, બોલવાની છટામાં ફેરફાર કરવો જરૂરી છે. આથી તેઓ શહેરનાં પ્રખ્યાત બ્યુટી પાર્લરમાં મોર્ડન ગર્લ બનવા ગયા.

બ્યુટી પાર્લરમાંથી મોર્ડન ગર્લ બની બહાર નીકળતા તેઓ કોઈ અધિકારી હોય એવી લાગતી હતી.

યુનિવર્સિટીમાં ચાર-પાંચ દિવસની રજાઓ હોવાથી તેઓ ગામડે જવા નીકળી ગઈ. ગામના ચોરે બસ ઊભી રહી. બસમાંથી ઉતરવા ચોર બેઠેલા વડીલો દીકરીઓને જોઈ રહ્યા ને પૂછ્યું, 'બહેનો, તમારે કોના ઘેર જવું છે?'

આથી શોભના બોલી ઊઠી, 'અરે પપ્પા, તમે મનેય ભૂલી ગયા! હું તમારી દીકરી શોભના છઉં, આ જયા છે, આ શારદા છે!'

પોતાની દીકરીઓને ન ઓળખી શકનાર વડીલો આશ્ચર્યચકિત થઈને એકીટસે ધારી ધારીને તેમના સામુ જોઈ રહ્યા ને મનોમન બોલી ઊઠ્યા, 'શહેરમાં રહીને છોકરીઓ કેવી બદલાઈ ગઈ!'

(ક્રમશઃ)

## શબ્દ સમીપે

(પાના નં. ૪ નું ચાલુ)

એવું કહેવાય છે કે 'ત્રિકાળ જ્ઞાની' હોય એ જ સર્વકાલીન હાસ્ય લેખક થઈ શકે જે લક્ષણો આપણે ચિત્રસેન ભાઈનાં લેખોમાં જોઈ શકીએ છીએ. જીવનના અનેક પ્રસંગો, ગલીકુંચીઓ અને વિષમતાઓમાં સમજપૂર્વક બૌધ્ધિ અભિગમ દ્વારા તેઓ હાસ્ય નિષ્પન્ન કરે છે. તેમને આ પુસ્તક મોરારી બાપુને અર્પણ કર્યું છે.

આ પુસ્તકના લેખક ચિત્રસેન રવજીભાઈ શાહ મૂળ માંડવી કચ્છના વતની છે. પરંતુ વર્ષોથી ગાંધીનગરને પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું છે. તા. ૧૮-૪-૧૯૪૦માં જન્મેલા ચિત્રસેનભાઈ, બી.ઈ. (ઈલેક્ટ્રીકલ) નો અભ્યાસ ધરાવે છે. તેઓ જી.ઈ.બી. ના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર છે. પણ સાહિત્ય ક્ષેત્રે હાસ્ય સાહિત્યના યુવા પ્રતિભા સમાન લેખક છે. આ પહેલાં તેમનાં પુસ્તકો 'ધણીને ધાકમાં રાખો', 'સ્મશાનમાં સ્વયંવર', ધણીને ધાકમાં રાખો પ્લસ, ખુબ જ જાણીતાં બન્યાં છે. કારણ કે લેખકમાં ઠાવકા હાસ્યની સાથે તીક્ષ્ણ કટાક્ષો કરવાની શક્તિ પણ છે. જેના દ્વારા ચિત્રસેન ભાઈ માત્ર ગાંધીનગરને જ નહીં સમગ્ર ગુજરાતને હસાવતાં રહે તેવી શુભેચ્છા.

**વરઘોડો - વનેચંદના પુત્રનો!**

**લેખક - ચિત્રસેન શાહ (પ્રકાશક પોતે)**

**સંપર્ક - પ્લોટ નં. ૩૧૪/એ, સાબર ટ્રાવેલ્સની બાજુમાં, સેક્ટર-૨૦, ગાંધીનગર**

**કિંમત - ૧૫૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**